**ફોજદારી કેસ નંબર : 3507415 / 2010**

..............................................................................................

સદરહું ફરીયાદ ફરીયાદી ધ્વારા તા. ૬–૬–૨૦૦૮ના રોજ આરોપી વિરુધ્ધ નેગો.ઈ.એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરવામાં આવેલ હતી.

આ કામે આ અગાઉ કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે ફરીયાદ દાખલ થયાથી તારીખથી આજદિન સુધી મુદતો આપવા છતાં ફરીયાદપક્ષે કેસ આગળ ચાલી શકેલ નથી. વધુમાં આ કામે ત્યારબાદ ફરીયાદપક્ષે કેસ ચલાવવામાં રસ દાખવતા ન હોઈ તથા આરોપીપક્ષ તરફથી પ્રોસેસની બજવણી ન થતી હોઈ જેથી સદરહું કેસ ડોરમેન્ટમાં મુકવાનો હુકમ કરવામાં આવેલ હતો. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે હાજર થઈ આજદિન સુધી કોઈ કાર્યવાહી કેસને આગળ ચલાવવા માટે હાથ ધરેલ નથી. આ દરમ્યાનમાં સદરહું કેસ આ કોર્ટ ધ્વારા ડી.ડી. માટે રાખવામાં આવેલ હતો. જેથી આજરોજની તા. ૯–૩–૨૦૧૯ ની મુદતે સદરહું કેસમાં ફરીયાદપક્ષે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી વારંવાર પોકાર કરવા છતાં હાજર રહેલ નથી. આમ, અદાલત દવારા આજરોજ સાંજના ૫/૩૦ કલાક સુધી ફરીયાદીને અનેકો વખત પોકાર કરાવવા છતા તેઓ હાજર રહેલ નથી કે કોઈ યોગ્ય રજુઆત નથી.જેથી કોર્ટને માનવાનું કે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી સદર કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોઈ તેમ જણાય છે. આમ ફરીયાદીની ગેરહાજરી અને બેદરકારીને કારણે હાલની ફરીયાદ આગળ ચલાવવી યોગ્ય જણાતી નથી જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

ફરીયાદીની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ મુજબ ફરીયાદીની બેદરકારી તથા ગેરહાજરીના કારણોસર ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૯મી, માહે : માર્ચ, સને : ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯ /૦૩/૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( બરકતખાન એચ. ઘાસુરા )**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૩૨,
અમદાવાદ.**U.I.C. NO. GJ00983**